PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૪/કવા–૦૪/૧૭–૧૮/ 3231 તા. 19-04-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
અતુલભાઈ જેન્તીભાઈ વેકરીયા અને અન્ય ૦૪ ભાગીદારો,
ખોડિયાર ઈન્ડસ્ટ્રીઝ – સર્વેનંબર – ૨૩૭
વિમલ ફોર્જીંગ ની સામે,
ગામ: શાપર (વેરાવળ), જી.રાજકોટ
મો: ૯૪૨૬૭ ૮૦૩૦૬

**વિષય :–નવા જોડાણ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૦–૦૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૪/કવા–૦૪/૧૭–૧૮)**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, શાપર વેરાવળ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૪૪/ક્વા–૦૪/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૨૧–૦૩–૧૮ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: અતુલભાઈ જેન્તીભાઈ વેકરીયા અને અન્ય ૦૪ ભાગીદારો, ગામ: શાપર (વેરાવળ)**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના ભાગીદાર રજતભાઈ ડોબરીયા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, શાપર વેરાવળ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)**

**રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

**: હુકમ :**

**ફરીયાદ : નવા જોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ અરજદારો એ પતીરા ફુડ ના ભાગીદારો પાસેથી જમીન ખરદેલ હોય – પરંતુ, ખરીદેલ જમીન સીવાયની અન્ય જગ્યા પર પતીરા ફુડ ના નામે વીજ જોડાણ પેટે પૈસા બાકી હોય – પરંતુ, તેઓએ જે જગ્યા મા વીજ જોડાણ માંગેલ છે, તે જગ્યાએ પતીરા ફુડ ની કોઈ લેણી રકમ નથી. તેમ છતા, અમારી માંગણી મુજબ નુ નવુ વીજ જોડાણ મેળવવા માટે આગળ ની કાર્યવાહી પીજીવીસીએલ દ્વારા કરવામા આવતી નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે – પતીરા ફુડ<br>• અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે – પતીરા ફુડ – એલ.ટી.એમ.ડી – ૯૦ કીવો ના સર્વે નંબર: ૨૪૦ – પ્રા.લી. ના ગ્રાહક નં.: – ૮૧૯૦૭/૦૦૧૨૧/૨ – એલ.ટી.એમ.ડી – ૯૦ કીવો ના સર્વે નંબર: ૨૪૦ – વેરાવળ ગામે – તા. કોટડા સાંગાણી ખાતે ધરાવે છે. જેની સામે કોટડા સાંગાણી નામ. કોર્ટ મા સી.એસ. નં.: ૧૧૮/૦૪ થી દાવો ચાલુ છે. જેની રકમ રૂ.૪,૬૮,૯૮૪/૮૨ છે. આ ભાગીદારી પેઢી મા (૧) મહેશભાઈ પતિરા (૨) લીનાબેન પતિરા (૩) અતુલભાઈ પતિરા અને (૪) જયસુખભાઈ પતિરા ભાગીદારો હતા.<br>• ફરીયાદ અરજદાર અને તેમના અન્ય ભાગીદારો દ્વારા – નવા ઓર્દ્યોગીક વીજ જોડાણ મેળવવા માટે ની અરજી મા રજુ કરેલ દસ્તાવેજીક પેપર્સ જોતા – ઉપરોકત સર્વે નંબર: ૨૪૦ ની બાજુમા આવેલ નવા ગામતળ ની જમીન ના પ્લોટ નં.: ૨૧૧ માં જોડેલ વેચાણ દસ્તાવેજ માં – વેચનાર પેઢી પતીરા પ્રોડકટ તથા પતીરા પેકેજીંગ દર્શાવેલ છે. જેની સામે લીગલ કેઈસ ચાલી રહેલ હોય એટલેકે – પતીરા પ્રોડકટ તથા પતીરા પેકેજીંગ ના ભાગીદારો અને ફરીયાદી અરજદાર દ્વારા રજુ કરેલ દસ્તાવેજીક પેપર્સ મા – ભાગીદાર સરખા હોય – કંપની ના નિયમ મુજબ – અરજદાર ને નવા ઓર્દ્યોગીક વીજજોડાણ ની અરજી સ્વીકારવાની ના પાડતા – અરજદારે હાઈકોર્ટ અમદાવાદ ની નકલ રજુ કરેલ છે. તદઉપરાંત, તેઓએ જણાવેલ છે કે – હાઈકોર્ટ અમદાવાદ ના ઓરલ ઓર્ડર મુજબ કંપની નવા વીજ જોડાણ આપવાની ના પાડી શકે નહી.<br>• નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ – સદર જગ્યા કે અન્ય કોઈ જગ્યા પર કોઈપણ લેણી રકમ હોય – તેવા કિસ્સામાં નવુ વીજ જોડાણ આપી શકાય નહી. |

**<u>મુદ્દા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| **<u>૩</u>** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **<u>૩.૧</u>** | • (૧) અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, અતુલભાઈ જેન્તીભાઈ વેકરીયા અને અન્ય ૦૪ ભાગીદારો ની નવા ઓર્દ્યોગીક વીજ્જોડાણ મેળવવા માટે ની અરજી પીજીવીસીએલ ની સબંધક કચેરી મા કરાયેલ હતી. પરંતુ, ફરીયાદી અરજદારે તેમની ઓર્દ્યોગીક વીજ્જોડાણ હેતુ માટે ની જમીન મે. પતીરા પ્રોડકટ ના ભાગીદારી પેઢી ના ભાગીદારો – (૧) શ્રી મહેશ ભાઈ જયસુખભાઈ પતિરા અને રીટાબેન અતુલકુમાર પતિરા પાસેથી – કોટડા સાંગાણી તાલુકાના વેરાવળ ગામ ના પ્લોટ નં.: ૨૧૧ ના સબ પ્લોટ નં.: ૨૧૧ / ૧ / બી ની જમીન નુ વેચાણ – શ્રી દિવ્યેશભાઈ બીપીનભાઈ વેકરીયા ને દસ્તાવેજ નં.: કેઓએસ/૨૮૦૮/૩/૧૫/૨૦૧૭ થી કરી આપેલ છે. (૨) જયારે મે. પતીરા પેકેજીંગ ના નામથી ચાલતી ભાગીદારી પેઢી ના ભાગીદારો – (૧) શ્રી અતુલભાઈ જયસુખભાઈ પતિરા અને લીનાબેન મહેશ ભાઈ પતિરા પાસેથી – કોટડા સાંગાણી તાલુકાના વેરાવળ ગામ ના પ્લોટ નં.: ૨૦૧ ના સબ પ્લોટ નં.: ૨૦૧/ બી ની જમીન નુ વેચાણ – શ્રી રજતભાઈ કેશવલાલ ડોબરીયા ને દસ્તાવેજ નં.: કેઓએસ/૨૮૧૧/૨/૧૭/૨૦૧૭ થી કરી આપેલ છે.<br>• (૨) ઉપર મુજબ – અરજદારો દ્રારા મહેશ ભાઈ પતિરા, રીટાબેન પતિરા , અતુલભાઈ પતિરા અને લીનાબેન પતિરા ભાગીદારો પાસેથી મીલ્કત ખરીદ કરેલ – તે વખતે ફરીયાદી અરજદાર દ્રારા દૈનીક વર્તમાન પત્ર મા '' .... તા.૨૦–૦૫–૧૩ ના જાહેર નોટીસ મા – સદર મીલ્કત બાબતે અપાયેલ હોય – જેમા કોઈ વાંધા તકરાર – વારસાઈ હકક કે લેણુ કે અન્ય કોઈ તકરાર હોય તો – નોટીસ પ્રસીધ્ધ થયેથી દિવસ–૦૮ મા – લેખીત પુરાવા સાથે દર્શાવેલ સરનામે જાણ કરવી....''<br>• (૩) નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૪.૬ મા કરાયેલ જોગવાઈ મુજબ – '' અરજદાર એવી હૈયાત મીલ્કત ની ખરીદી કરે કે ખરીદવાનો ઈરાદો રાખે કે જેનુ વીજ જોડાણ કપાય ગયુ હોય – તો તેની આગલા માલીક કે પરવાનેદાર ની તમામ બાકી રકમ ચૂકવી છે, તેની ખરાઈ કરાવવાની અને તેની પાસેથી 'કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' મેળવવું એ અરજદાર ની ફરજ છે. મિલ્કત ની માલીકી ની ફેરબદલી પહેલાં આગલા માલીકે 'કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' મેળવ્યુ ન હોય તો નવા માલીકે આવુ પ્રમાણપત્ર મેળવવા આગલા જોડાણ ની વિગતો સાથે પરવાનેદાર નો સંપર્ક કરવો. પરવાનેદારે આવી વિનંતી ની પહોચ આપવાની રહેશે અને જગ્યા પર કોઈ રકમ બાકી નિકળતી હોય તો લખાણમા જાણ કરવાની અથવા 'કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' આવી અરજી મળ્યા ની તારીખ થી ૦૧ માસ મા આપવાનુ રહેશે. '' તે મુજબ ની કાર્યવાહી અરજદાર દ્રારા પીજીવીસીએલ ની સબંધક કચેરી મા કરાયેલ હોય – તેવી રજુઆત કરેલ નથી.<br>• (૪)અરજદાર દ્રારા ખરીદ કરાયેલ પ્લોટ નં.: ૨૧૧ ના સબ પ્લોટ નં.: ૨૧૧ / ૧ / બી અને પ્લોટ નં.: ૨૦૧ ની માલીકી ની જગ્યા મા – નવા વીજ જોડાણ ની માંગણી કરાયેલ– જે બાબતે પીજીવીસીએલ દ્રારા કરાયેલ રજુઆત મુજબ સદર જગ્યા માં – પીજીવીસીએલ નુ કોઈ લેણુ બાકી નથી.<br>• (૫) ઉપરોકત મુદ્દા નં. (૧) મુજબ ની વિગતે વધુમાં પીજીવીસીએલ કક્ષાએથી કરાયેલ રજુઆત મુજબ – મે. પતીરા ફુડ પ્રોડકટ પ્રા.લી. ના ગ્રાહક નં.: – ૮૧૯૦૭/૦૦૧૨૧/૨ એલ.ટી.એમ.ડી વીજ્જોડાણ ૯૪ કીવો – સર્વે નંબરઃ ૨૪૦ – ૫૨ કોટડાસાંગાણી કોર્ટ મા – સી.એસ. નં.– ૧૧૮/૦૪ હાલ ચાલી રહયો છે. જેની રકમ રૂ.૪,૬૮,૯૮૪/૮૨ છે. જેમા ડાયરેકટર તરીકે (૧) મહેશભાઈ જયસુખલાલ પતિરા (૨) લીનાબેન મહેશકુમાર પતિરા (૩) અતુલકુમાર જયસુખલાલ પતિરા (૪) જયસુખભાઈ છગનલાલ પતિરા સામેલ છે. |

| | |
|---|---|
| | • (૬) નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ –<br>''નવા જોડાણ, પુનઃ જોડાણ, વીજભાર મા વધારો કે ઘટાડો, નામ બદલી અથવા કોઈ જગ્યા માટે સર્વિસલાઈન શીફટીગ માટે ની અરજી, તે જગ્યા ને સબંધીત કોઈ લેણા અથવા અરજદાર દ્રારા વિતરણ પરવાનેદાર ને  વિતરણ પરવાનેદાર ના અધિકારક્ષેત્ર મા કોઈપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણ ના સબંધ મા કોઈ બાકી રકમ – ચુકવવામા આવશે નહી, ત્યા સુધી પરવાનેદાર દ્રારા ધ્યાન મા લેવામા આવશે નહી. પરંતુ, નવા અરજદાર પાસેથી અગાઉ ના લેણા વસુલ કર્યા પછી જોડાણ આપવામા આવે – તેવા કેઈસ મા અને યોગ્ય કાનુની ઉપાય પ્રાપ્ત થયા પછી – પરવાનેદાર ને તે જગ્યા અગાઉ ના ગ્રાહક / માલીક પાસેથી કે કબ્જેદાર પાસેથી બાકી નિકળતી  પૂરેપૂરી કે આંશિક રકમ મળે  તે કેઈસ મા, આવી બાકી નિકળતી રકમ વસુલ કરવાના ખર્ચ સરભર કર્યા પછી જેની પાસેથી બાકી રકમ વસુલ કરવામા આવી હોય તે નવા ગ્રાહક / માલીક કે  કબ્જેદાર ને રકમ પાછી અપાશે''<br>• (૭) ફરીયાદી અરજદાર દ્રારા નવા ઓદ્યોગીક વીજજોડાણ મેળવવા માટે ની અરજી મા – જોડેલ દસ્તાવેજીક પેપર્સ મા – વેચનાર તરીકે પતીરા પેકેજીંગ અને પતીરા પ્રોડકટ ના ભાગીદારી પેઢીના ભાગીદારો – નો ઉલ્લેખ હોય – પરંતુ, ઉપરોકત મુદ્દા નં. (૪) (૫) અને (૬) મુજબ – અરજદાર દ્રારા કરાયેલ તેઓની માંગણી મુજબ ની જગ્યા એ કોઈપણ પ્રકારનુ પીજીવીસીએલ ની લેણી રકમ બાકી ન હોય –  વીજ જોડાણ આપવાની કાર્યવાહી સત્વરે નિયમાધીન પુરી કરવી.  તે મુજબ ની જાણકારી પીજીવીસીએલ પક્ષકાર ને આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતેના પેટા મુદ્દા નં. (૭) મુજબ ની વિગતે ની જાણકારી પીજીવીસીએલ પક્ષકાર ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.

D:\6 CIRCLE Q-04 13-14 CIRCLES APPLICATION\U JUDGEMENT\A JUDGEMENT FOLDER\17 MAR 17\RURAL RAJKOT.doc